https://tv9gujarati.com/gujarat/gandhinagar/ediia-organizes-annual-startup-summit-empresario-on-national-startup-day-au14502-663199.html

# EDIIAએ રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ પર વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ 'એમ્પ્રેસરિયો'નું આયોજન કર્યું

Mihir Soni | Edited By: Tanvi Soni

Updated on: Jan 16, 2023 | 4:34 PM

16 અને 17 જાન્યુઆરી, 2023 એમ બે દિવસનો ફેસ્ટિવલ યોજાશે. જેમાં ઉધોગના (Industry) આગોવાનો માસ્ટર ક્લાસ લેશે. સફળ સ્ટાર્ટઅપ સ્થાપકો સંવાદ કરશે, ચર્ચાવિચારણા કરશે અને સ્ટાર્ટઅપ એવોર્ડ એનાયત થશે.



રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસ પર વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ 'એમ્પ્રેસરિયો'નું આયોજન

આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા (EDIIA)એ સોમવારે એના વાર્ષિક આંતરપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસરિયોનું આયોજન રાષ્ટ્રીય સ્ટાર્ટઅપ દિવસના પ્રસંગે કર્યું હતું. આ ફેસ્ટિવલના ઉદ્ઘાટન પ્રસંગે ગૃહમંત્રી હર્ષ સંઘવી, રાજીવ ગાંધી, કો-ચેર, ફિક્કી, ગુજરાત સ્ટેટ કાઉન્સિલ અને પ્રોફેસર દીપક કુમાર પાંડે, આસિસ્ટન્ટ ડાયરેક્ટર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ઉત્તરાખંડ સરકાર સામેલ હતા.

ઇડીઆઇઆઇનું ટેકનોલોજી બિઝનેસ ઇન્ક્યુબેટર – સેન્ટર ફોર એડવાન્સિંગ એન્ડ લોંચિંગ એન્ટરપ્રાઇઝીસ (ક્રેડલ)એ અત્યાર સુધી 106 સ્ટાર્ટઅપનું ઇન્ક્યુબેશન કર્યું અને રૂપિયા 30 કરોડથી વધારેનું ફંડ ઊભું કર્યું છે. બે દિવસના ફેસ્ટિવલમાં લોકપ્રિય રિયાલિટી શો 'શાર્ક ટેંક ઇન્ડિયા'માં સ્ટાર્ટઅપ્સ સામેલ થશે.

16 અને 17 જાન્યુઆરી, 2023 એમ બે દિવસનો ફેસ્ટિવલ યોજાશે. જેમાં ઉદ્યોગના આગેવાનો માસ્ટર ક્લાસ લેશે. સફળ સ્ટાર્ટઅપ સ્થાપકો સંવાદ કરશે, ચર્ચાવિચારણા કરશે અને સ્ટાર્ટઅપ એવોર્ડ એનાયત થશે. આ સમિટમાં બિગ પિચ ઇવેન્ટ પણ સામેલ હશે, જેમાં 30 સ્ટાર્ટઅપ તેમના ઉત્પાદનો અને સેવાઓ 15 રોકાણકારોની પેનલ સમક્ષ રજૂ કરશે, જેનો ઉદ્દેશ તેમની પાસેથી ફંડ મેળવવાનો છે.

ચાલુ વર્ષના ફેસ્ટિવલની થીમ છે 'ઉદ્યોગ સાહસિકતા અને સસ્ટેઇનેબિલિટી'. નોંધપાત્ર બાબત એ છે કે, બે દિવસના ફેસ્ટિવલમાં લોકપ્રિય રિયાલિટી શૉ 'શાર્ક ટેંક ઇન્ડિયા'માં સ્ટાર્ટઅપ્સ સામેલ થશે. આ ફેસ્ટિવલના ઉદ્ઘાટન સમારંભમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાત સક્રિય મર્જર નીતિઓ, મજબૂત સંસ્થાગત માળખા અને ખાનગી ક્ષેત્રની સતત વધતી ભાગીદારી મારફતે દેશમાં સૌથી વધુ પ્રગતિશીલ સ્ટાર્ટઅપ સ્થાનો પૈકીનું એક બનવા અગ્રેસર છે.

'સ્ટેન્ડ અપ ઇન્ડિયા' અને 'સ્ટાર્ટ અપ ઇન્ડિયા' યોજનાઓ વર્ષ 2016માં શરૂ થઈ હતી અને પછી અત્યાર સુધી 80,000થી વધારે સ્ટાર્ટઅપની નોંધણી થઈ છે તથા આશરે 100 યુનિકોર્ન અસ્તિત્વમાં આવ્યાં છે. વધારે ખુશીની બાબત એ છે કે, 48 ટકાથી વધારે સ્ટાર્ટઅપ મહિલાઓના છે.

હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, રાજ્ય સરકારે સાનુકૂળ ઇકોસિસ્ટમ ઊભી કરવા નિયમનો અને જોગવાઈઓમાં કેટલાંક ફેરફારો પ્રસ્તુત કર્યા છે. અમે સરકાર, ઉદ્યોગ અને સંસ્થાઓ વચ્ચે જોડાણ, રાજ્યમાં સ્ટાર્ટઅપ્સ સાથે ભારતના સ્ટાર્ટઅપ કેન્દ્રોનું જોડાણ કરીને, સ્ટાર્ટઅપ્સ માટે આંતરરાજ્ય પ્રાદેશિક કેન્દ્રો ઊભા કર્યા છે. રાજ્ય સરકારે ઇનોવેટિવ અને સસ્ટેઇનેબલ સમાધાનો કરીને તથા ઇન્ક્યુબેટર્સ અને એક્સલરેટર્સ સ્થાપિત કરીને સ્ટાર્ટઅપ્સની સમસ્યાઓનું સફળતાપૂર્વક સમાધાન કર્યું છે.

તો બીજી તરફ એમ્પ્રેસરિયો વિશે ઇડીઆઇઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, ઇડીઆઇઆઈની સ્ટાર્ટઅપ સમિટ ભારતમાં સૌથી વધુ વિશિષ્ટ આંતરપ્રિન્યોરિયલ ફેસ્ટિવલ્સ પૈકીનો એક છે. વર્ષ 2012માં એની શરૂઆત થયા પછી અત્યાર સુધી એમ્પ્રેસરિયોમાં 1,000થી વધારે સ્ટાર્ટઅપની ભાગીદારી જોવા મળી છે. આ વિચારનું સર્જન, રોજગારીની તકોનું સર્જન અને અસાધારણ બાબતો શીખવા માટેનો ફેસ્ટિવલ છે.

---

VIBES OF INDIA